**ફોજદારી અપીલ નં. ૮૯/૨૦૨૧**
**આંક-૧નુ સાંધણ**

**<u>આંક- ૧ લગત હુકમ</u>**

આ કામે આરોપીને ધી. નેગો. ઈ. એક્ટની કલમ ૧૩૮ મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવીને સજા કરવામાં આવેલી તેની અપીલ થયેલ છે. આ અપીલના કામે મુળ આરોપી અને ફરીયાદી વચ્ચે સમાધાન થયેલ છે અને આંક – ૧૨ થી સમાધાન પુરસીસ રજુ કરે છે. મુળ ફરીયાદી તથા તેઓના વકીલે સમાધાન પુરસીસમા સહી કરેલી છે. આ સમાધાન લોકઅદાલત મા રજુ થયેલુ છે. જેથી આંક – ૧૨ વાળુ સમધાન રેકર્ડ ઉપર લેવામાં આવેલુ છે. પક્ષકારો વચ્ચે સમાધાન થઇ ગયેલુ છે. આ સંજોગોમાં પક્ષકારોનું સમાધાન ગ્રાહ્ય રાખવામાં આવે છે. ધી નેગો. ઈ. એક્ટની કલમ ૧૩૮ મુજબનો ગુનો સમાધાન લાયક છે તેવા સંજોગોમાં આંક – ૧૨ વાળુ સમાધાન ધ્યાને લઈ ફો. કેસ નં. -૬૬૯૯૮/૨૦૧૬ ના કામે તા. ૧૨/૦૨/૨૦૨૧ ના રોજ આરોપીને તકસીરવાન ઠરાવીને સજા અને દંડ કરતા જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફ.ક.) (બીજી કોર્ટ), સુરત નાઓનો હુકમ રદ્દ કરી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો સમાધાન આધારે હુકમ કરવામાં આવે છે.

વધુમાં, આંક –૧૨ વાળા સમાધાનમા ડીપોઝીટની રકમ આરોપીને પરત ચુકવવા બાબતે નક્કી કરેલુ છે તેથી તે રકમ આરોપીને પરત ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

ટ્રાયલકોર્ટમાં જરૂરી યાદી કરવી.

આ હુકમ આજરોજ તા. ૨૬ મી જુન સને–૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૬/૦૬/૨૦૨૨ ( એમ. એફ. ખત્રી )
સ્થળઃ સુરત ઈન્ચાર્જ/ છઠ્ઠાએડીશનલ સેસન્સ જજ
સુરત
જીજે૦૦૬૯૧